# Bi 121-OLD TESTAMENT

## પાઠ ૩ : અનઆજ્ઞાંકિતતા (ઉત્પત્તિ અધ્યાય-૩)

આજનાં અભ્યાસ દવારા તમે શીખશો કે લોકો ઈશ્વરથી કેવી રીતે દુર ગયા. શેતાને તેઓને જુઠ્ઠ કહી ભમાવ્યા અને તેઓ તેમનાં પ્રેમાળ ઉત્પન્નકર્તાને આધિન થવામાં નિષ્ફળ ગયા. તોપણ તેઓની નિષ્ફળતાઓની મધ્યમાં ઈશ્વર દ્વારા ઈસુ ખ્રિસ્તનાં આવવા વિશે વચન આપવામાં આવ્યું.

દરેક વસ્તુ ખુબ સારી રીતે ચાલતી હતી. દેવે આદમ અને હવાને એદનવાટીકામાં તેઓની જરૂરતની દરેક વસ્તુઓ પુરી પાડી હતી. દિવસનાં ઠંડા પહોરે દેવ પોતે આ સુંદર બગીચામાં આવતા અને તેમની સાથે ફરતા. આ વાડીમાં એક બીજુ પણ પ્રાણી હતું – જે સાંપ હતો. જે અન્ય પ્રાણીઓની સાપેક્ષે ચતુર હતો. હવે શેતાન પોતાનાં હૃદયમાં ભૂંડુ વિચારવાને કારણે શેતાન બન્યો. શરૂઆતમાં તો તે સ્વર્ગીય સ્થાનોમાં ઈશ્વરની સેવા કરનારો દૂત હતો. એક દિવસે સાંપનું રૂપ ધારણ કરીને શેતાન હવા પાસે આવીને કહે છે –"શું એમ નથી, કે ઈશ્વરે તમને વાડીમાંનાં દરેક ફળો ખાવા માટે મના કરી છે ?" હવાએ કહયું –"ના, અમે દરેક વૃક્ષો પરથી ફળો ખાઈ શકીએ છીએ, માત્ર ઈશ્વરની આજ્ઞા પ્રમાણે વાડીની વચ્ચે રહેલા વૃક્ષનું ફળ અમારે ખાવાનું નથી કે, સ્પર્શ કરવાનો નથી. કેમકે દેવે જણાવ્યુ છે કે, જે દિવસે તમે તે ખાશો તેજ દિવસે તમે મરશો.

"તે સાચુ નથી." સર્પે તેને જવાબ આપ્યો. "તમે મરશો નહિ, ઈશ્વરે તમને તે એટલા માટે કહય્ છે કે, જે દિવસે તમે તે ફળ ખાશો તે દિવસથી તમે દેવનાં જેવા થઈ જશો. એટલે કે, સારૂ અને ભૂંડુ શું છે તે પારખી શકશો. સ્ત્રીએ જોયું કે તે ફળ જોવામાં સુંદર, ખાવા માટે સારૂ તથા જ્ઞાન મેળવવા માટે ઈચ્છવા યોગ્ય તેવું છે. આથી તેણે ફળને તોડાને ખાધુ. ત્યારબાદ આદમ જે તેની સાથે હતો, તેન પણ ખાવા આપ્ય અને તેણે ખાધુ. તરત જ તેઓ જાણી શકયા કે તેઓ નાગા હતા. આથી તેઓઅ અંજીરીના પાંદડા સીવીને વસ્ત્ર બનાવ્યુ. જયારે સાંજ થઈ અને ઠંડા પહોરે તેમણે દેવને વાડીમાં ચાલતો સાંભળ્યો. તેઓ દેવથી ડરી ગયા અને પોતાની જાતને ઝાડવાઓમાં છુપાવી "દેવે કહયું, "આદમ તું કયાં છે." આદમ જાણી ગયો કે તેણે જવાબ આપવો પડશે. તેણે કહયું, "હે દેવ, મેં તમને વાડીમાં ચાલતા સાંભળ્યા અને હું ડરી ગયો, કેમકે હું નાગો હતો તેથી મેં મારી જાતને છુપાવી."

તને કોણે કહય્ કે, "તુ નાગો છે ? શું મેં તને જે વૃક્ષનું ફળ ખાવાની મના કરી હતી તે તેં ખાધુ છે શું ?" આદમે જવાબ આપ્યો, "જે સ્ત્રી તે મને આપી હતી તેણે મને ફળ આપ્યુ અને મેં તે ખાધુ." દેવ હવા તરફ ફર્યા અને પૂછયુ, "શા માટે તે આમ કર્યુ ?". તેણીએ ઉત્તર આપ્યો "

સર્પે મને ભુલાવી અને મેં તે ખાધુ" ઈશ્વર સાંપ તરફ ફર્યા અને કહયુ "કેમ કે ત તે કર્યુ છે માટે અન્ય પ્રાણીઓ કરતા ત શાપીત થશે. હવેથી તુ પેટે ઘસડાતા ચાલશે અને ધુળ ખાશે. તારી અને સ્ત્રીની વચ્ચે તથા તારા સંતાન અને તેનાં સંતાન વચ્ચે હું વેર કરાવીશ. તે તારૂં માથુ છુંદશે અને તું તેનો એડી છુંદશે."

આ કહેવા દવારા ઈશ્વરે હકીકતમાં શેતાન તથા ઈસુ ખ્રિસ્ત વચ્ચેનાં યુધ્ધની વાત જણાવી કેમ કે, તેઓ હવા અને ઈશ્વરના પેઢીમાંનાં લોકો છે. માણસ જાતનાં પાપોને માટે વધસ્તંભ ઉપર પોતાની જાતને અર્પિ દઈને ઈસુ ખ્રિસ્તે શેતાનને સંપૂર્ણ હાર આપી. શતાને ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે જડયા. એટલે જાણે કે, તેમની 'એડી છુંદવામાં આવી', તો પણ શેતાન એ સમજી શકયો નહિ ક, ઈસુ ખ્રિસ્તને દેવ મરણમાંથી ફરી ઉઠાડશે. એદનવાટીકામાં

ઈશ્વરે માણસનાં પાપથી મુકિત અને તારણની યોજનાનું વચન આપ્યું. સ્ત્રી તરફ પાછા ફરી તેમણે કહયું, "તારૂ બાળકો જણવાનું દુઃખદાયક થશે. તારો પતિ તારા ઉપર અધિકાર ચલાવશે. ગર્ભાવસ્થા અને મરણની બીક છતાં તું તારા પતિ સાથે સંબંધો માટે ઈચ્છા કરશે. હવે પછી પતિ અને પત્ની વચ્ચે પ્રશ્નો (ઝઘડો) પણ થઈ શકે. જે મારો હેતુ ન હતો. પણ હવે હું તમ ને કહ છુ, જયારથી પાપ જગતમાં પેઠુ છે ત્યારથી પૃથ્વી પરનું જીવન મુશ્કેલ બનશે. ઈશ્વરે આ દમને કહયું, "મેં તને સ્પષ્ટ કહયું હતુ કે, વાડીની વચ્ચેનાં વૃક્ષનું ફળ તારે ખાવુ નહિ. પરંતુ તા રા અનાજ્ઞાંકિત થવાથી પૃથ્વી શાપિત થઈ છે. હવેથી તુ પુષ્કળ મહેનત કરીને રોટલી ખાશે અને પૃથ્વી તારે સારૂ કાંટા તથા જાંખરા ઉગાવશે. તારા કુટુંબને પોષણ આપવા સારૂ તું વૃક્ષો ઉગાવશે અને તારુ જીવન સંકટભર્યુ રહેશે. આજે તારૂ મરણ થયુ છે. જે ભૂમિમાંથી તને લેવામાં આવ્યો હતો તેમાં તુ પાછો જશે."

ઈશ્વરે કેટલાએક પ્રાણીઓમાંથી આદમ અને તેની પત્નીને માટે વસ્ત્રો બનાવ્યા. આ કાર્ય એ પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં માણસ જાતનાં પાપની માફી માટે લોહી વહેવડાવાની અને મરવાની પૂર્વ છાયા રૂપ હતું.

અને ઈશ્વરે કહયું માણસ હવે આપણા સરખો ભલુ અથવા ભૂંડુ જાણનાર થયો છે. જો હવે તે જીવનના વૃક્ષનું ફળ ખાશે તો તે સદાકાળ એમજ જીવશે." આથી ઈશ્વરે આદમ અને હવાને એદન વાડીની બહાર કાઢયા. દેવે 'કરૂબીમ કે જેઓ પણ એક પ્રકારના દૂતો છે' તઓને અગ્નિ તલવારો સાથે જીવનનાં વૃક્ષનાં ફળને સાચવવા સારૂ રાખ્યા. આદમ અને હવાને હવે ખોરાકને માટે ભૂમિ પર રહેવાનું થયુ; જેથી તેઓ જીવી શકે. ત્યાંજ તેઓએ તેઓનાં કૌટુંબિક જીવનની શરૂઆત કરી.

આ અભ્યાસ આપણા માટે એટલા માટે મહત્વનો છે કે, આપણા પ્રથમ માતાપિતા

ઈશ્વરે આપેલી આજ્ઞાને કેવો પ્રતિભાવ આપ્યો ? દેવે તેઓને ઈશ્વરનાં હેતુઓને આધિન થવા માટે સ્વતંત્ર ઈચ્છા શકિત આપી. અહિ એ પણ દર્શાવવામાં આવેલું છે કે, ઈશ્વરે શરૂઆતથી જ માણસ જાત માટે ઈસુ ખ્રિસ્ત દ્વારા તારણની વ્યવસ્થા કરી.

આ કથાનકની સચ્ચાઈ દવારા એ શિક્ષણ મળે છે કે, પ્રથમ સ્ત્રી અને પુરૂષને સંપૂર્ણ દુનિયા જીવન જીવવા માટે આપી તો પણ તેઓએ ઈશ્વરની વિરૂધ્ધ પાપ કર્યુ અને પોતાને રસ્તે ગયા. ત્યાર પછીનાં ઈશ્વરનાં વચનો દર્શાવે છે કે ઈશ્વરે કેવી રીતે માણસો મધ્યે કાર્ય કર્યુ કે જેથી લોકો ફરીથી તેમના સાથેનાં સંબંધમાં સ્થાપિત થાય.

ચાલો, નીચેનાં પ્રશ્નોનાં ઉત્તરો આપવા દ્વારા આપણે પુનરાવર્તન કરીએ.

પ્ર. ૧ આદમ અને હવાએ ઈશ્વરની વિરૂધ્ધ પાપ કરવાથી તેઓનો પ્રતિભાવ કેવો હતો ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – આદમ ડરી ગયો (કેમ કે તે નાગો હતો) તેથી તેણે ઈશ્વરથી પોતાની જાતને છુપાવી – તો તમે સાચા છો.

પ્ર.૨ સ્ત્રીઓથી ઉત્પન્ન થતી પેઢી અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં આવવા બાબતે દેવે કયુ વચન આપ્યુ ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે – ઈસુ સર્પનું માથુ છુંદશે અને તે ઈસુની એડી છુંદશે– તો તમે સાચા છો.

પ્ર.૩ પ્રાણીઓને મારીને આદમ અને હવા માટે વસ્ત્રો બનાવવાની મહત્વતા શી હતી ? ભવિષ્ય માટે ત શું દર્શાવે છે ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, – તે ઈસુ ખ્રિસ્તનાં મરણ અને લોહી વહેવડાવાની બાબત કે જેથી આપણા પાપોને ઢાંકી દેવામાં આવે છે તેની પૂર્વ છાયા છે – તો તમે સાચા છો.

પ્ર.૪ ઈશ્વરે આદમ અને હવાને કઈ શિક્ષા કરી ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, – દેવે તેમને વાડીમાંથી બહાર કાઢયા અને વાડીને રક્ષણ આપવા તેની ચારેય તરફ કરૂબીમ (દૂતો) રાખ્યા – તો તમે સાચા છો.

આ અભ્યાસ દવારા આપણે જોઈ શકયા કે, માણસ અનાજ્ઞાંકિત બન્યો અને ઈશ્વર વિરૂધ્ધ પાપ કર્યુ, તો પણ ઈશ્વરે શેતાનને હરાવવા માટેની યોજના ઘડી અને જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે છે તેમના માટે તારણની યોજના કરી. નિષ્ફળતા અને હારની મધ્યે દેવે આશાનું કિરણ આપ્યુ છે. જો તમે આવા કોઈ વ્યકિતને જાણો છો કે જે હતાશ અને નિરાશ પરિસ્થિતિમાં છે તો તમે તેને ઉપરોકત ઘટના વર્ણવો અને તેનાં માટે પ્રાર્થના કરો કે જેથી શેતાનની શકિતથી તેમનાં જીવનમાં છુટકારો મળે.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુંછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.